PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૭/કવા–૦૧/૧૭–૧૮/ ૩૬૭૮ તા. ૧૦/૦૫/૧૭

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
અરજણભાઈ મોહનભાઈ કાકડીયા,
ખોડિયાર મંદીર ની સામે,,
નવા પ્લોટ,
ગામ: શાપર વેરાવળ
તા. કોટડા સાંગાણી
જી: રાજકોટ
મો: ૯૯૭૯૨ ૪૭૬૧૫

**વિષય :–ખેત જોડાણ મા નામ બદલી બાબત**

સંદર્ભ:– આપની અરજી , તા. ૦૪–૦૪–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૦૭/કવા–૦૧/૧૭–૧૮ )

**શ્રીમાન,**

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. 2)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી ગોંડલ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી ન.–૨, ગોંડલ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 01 [F]

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ: ૦૭/કવા–૦૧/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૦૯–૦૫–૧૭ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: અરજણભાઈ મોહનભાઈ કાકડીયા, ગામ: રાજકોટ**

**રજુઆત કરનાર: અરજદાર હાજર રહેલ ન હતા.**

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી ન.–૨, ગોંડલ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી ગોંડલ)**

**રજુઆત કરનાર :વી.જી.મારકણા (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી ગોંડલ)**

## : હુકમ :

**ફરીયાદ : ખેત જોડાણ મા નામ બદલી બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ની ગામ: હડમતાલા ખાતે ની ખરીદ કરાયેલ ખેતીવાડી ની જમીન પર નુ, હૈયાત ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૭૭૧૩/૦૦૮૯૧/૮ મા, તેઓ શ્રી એ અગાઉ ના માલીક શ્રી બટુકભાઈ ઝીણાભાઈ કાથરોટીયા ના નામ પરથી, તેઓ શ્રી એટલેકે અરજણભાઈ મોહનભાઈ કાકડીયા ના નામ પર નામ બદલી મેળવવા માટે ની, વિધીસર ની અરજી, જે નિયત અરજી ફોર્મ સાથે તમામ દસ્તાવેજીક પેપર્સ જોડીને, રૂ.૩૦૦/– નોંધણીચાર્જ, જે રસીદ નંબર: ૧૨૦૮૬૫ તા.૧૩–૧૨–૧૬ થી ભરપાઈ કરીને, પીજીવીસીએલ મા વિધીસર ની અરજી નોંધાવેલ હોવા છતા, આજદિન સુધી નામ બદલી મળેલ ન હોય, આવા કારણોસર, તેઓ શ્રી ને સદર જોડાણ મા, વીજભાર વધારા માટે ની માંગણી, જે નામ બદલી ની મંજુરી સુધી પડતર રાખવાની ફરજ પડેલ છે. આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર શ્રી ની ગામ: હડમતાલા ખાતે ની ખરીદ કરાયેલ ખેતીવાડી ની જમીન પર નુ, હૈયાત ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૭૭૧૩/૦૦૮૯૧/૮ મા, તેઓ શ્રી એ અગાઉ ના માલીક શ્રી બટુકભાઈ ઝીણાભાઈ કાથરોટીયા ના નામ પરથી, તેઓ શ્રી એટલેકે અરજણભાઈ મોહનભાઈ કાકડીયા ના નામ પર નામ બદલી મેળવવા માટે ની, વિધીસર ની અરજી, જે નિયત અરજી ફોર્મ સાથે તમામ દસ્તાવેજીક પેપર્સ જોડીને, રૂ.૩૦૦/– નોંધણીચાર્જ, જે રસીદ નંબર: ૧૨૦૮૬૫ તા.૧૩–૧૨–૧૬ થી ભરપાઈ કરીને, પીજીવીસીએલ મા વિધીસર ની અરજી નોંધાવેલ હતી. સદર ના કેઈસ ની ચકાસણી દરમ્યાન, સદર કેઈસ મા અમુક વિગતો / બાબતો ઘટતી હોય, જેની પૂર્તતા અરજદાર શ્રી તરફથી કરવામા આવતા, સદર નામ બદલી ના કેઈસ ની મંજુરી વિભાગીય કચેરી તરફથી તા.૨૨–૦૩–૧૭ ના રોજ અપાયેલ હતી, અને નામ બદલી ની મંજુરી અન્વયે નુ ભાવપત્રક પણ, અરજદાર શ્રી ને તા.૧૩–૦૪–૧૭ ના રોજ થી, અરજદાર શ્રી ને કચેરી મા રૂબરૂ ઉપસ્થિત રાખી અને અપાયેલ છે. આ તમામ કાર્યવાહી, અરજદાર શ્રી ની હાજરી, જાણકારી અને સંતોષ હેઠળ પૂર્ણ થતા, આમ, અરજદાર શ્રી ની માંગણી સંતોષાય જતા, અરજદાર શ્રી ને, પીજીવીસીએલ સામે કોઈ ફરીયાદ રહેતી ન હોવા બાબતે નો, તા.૧૫–૦૪–૧૭ નો લેખીત સંમતીપત્ર પીજીવીસીએલ સમક્ષ રજુ કરેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ, અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ, પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થયેલ છે. |
| ૨.૨ | આમ, ઉપરોક્ત મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે , અરજદાર શ્રી ના જોડાણ મા નામ બદલી ની કાર્યવાહી કરાયેલ છે. અને સદર જોડાણ ના બીલીંગ ખાતામા આ મુજબ નામ બદલી ની નોંધ કરાયેલ છે. જેથી, હવે અરજદાર શ્રી ને સદર જોડાણ મા, હવે પછી નુ નિયમીત વીજબીલ, જે મંજુર કરાયેલ એવા નવા નામ મુજબ નુ જ મળશે. જે આધારે, અરજદાર શ્રી એ તેઓ શ્રી ના સદર જોડાણ મા જરૂરી એવો વીજભાર વધારો મેળવવા માટે ની વિધીસર ની અરજી પીજીવીસીએલ મા રજુ કરી શકશે. |

**મુદ્દા નં.—૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૧** | ફરીયાદી અરજદાર શ્રી ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની વિગતે ની ફરીયાદ ના અનુસંધાને, અરજદાર શ્રી એ, પીજીવીસીએલ પક્ષકાર ના મુદ્દા નં. ૨.૧ મુજબ ની વિગતે ની, ખાસ કરીનેઅરજદાર શ્રી ની માંગણી મુજબ ની, તેઓ શ્રી ના માંગણી મુજબ ના ખેતીવાડી વીજજોડાણ મા, નામ બદલી ની મંજુરી મળતા, અરજદાર શ્રી એ નામ બદલી ની મંજુરી સબબ ના ભાવપત્રક ની રકમ પણ, અરજદાર શ્રી એ પીજીવીસીએલ મા ભરપાઈ કરી આપેલ છે. આમ, અરજદાર શ્રી ને હવે સદર બાબતે, પીજીવીસીએલ સામે કોઈ પ્રશ્ન રહેતો ન હોવા બાબતે, અરજદાર શ્રી એ તા.૧૫—૦૪—૧૭ ના રોજ, તેઓ શ્રી ની લેખીત સહી સાથે ના સંમતીપત્રક પીજીવીસીએલ મા રજુ કરી આપેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |
| **૩.૨** | તદ ઉપરાંત, પીજીવીસીએલ પક્ષકાર ના મુદ્દા નં. ૨.૨ મુજબ ની વિગતે , અરજદાર શ્રી ના જોડાણ મા નામ બદલી ની કાર્યવાહી કરાયેલ છે. અને સદર જોડાણ ના બીલીગ ખાતામા આ મુજબ નામ બદલી ની નોંધ કરાયેલ છે. જેથી, હવે અરજદાર શ્રી ને સદર જોડાણ મા, હવે પછી નુ નિયમીત વીજબીલ, જે મંજુર કરાયેલ એવા નવા નામ મુજબ નુ જ મળશે. જે આધારે, અરજદાર શ્રી એ તેઓ શ્રી ના સદર જોડાણ મા જરૂરી એવો વીજભાર વધારો મેળવવા માટે ની વિધીસર ની અરજી પીજીવીસીએલ મા રજુ કરી શકશે. |

**મુદ્દા નં.—૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર ની ફરીયાદ નુ , અરજદાર શ્રી ના તા.૧૫—૦૪—૧૭ ના રોજ ના લેખીત સંમતીપત્ર હેઠળ,પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |
| **૪.૨** | આમ, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૨ મુજબ ની વિગતે,અરજદાર શ્રી ને નામ બદલી મંજુર કરાયેલ છે, જેથી હવે સદર જોડાણ મા, હવે પછી નુ નિયમીત વીજબીલ, જે મંજુર કરાયેલ એવા નવા નામ મુજબ નુ જ મળશે. જે આધારે, અરજદાર શ્રી એ તેઓ શ્રી ના સદર જોડાણ મા જરૂરી એવો વીજભાર વધારો મેળવવા માટે ની વિધીસર ની અરજી પીજીવીસીએલ મા રજુ કરી શકશે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

ગેરહાજર
**(એચ.પી.કોઠારી)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**નોંધ** જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.